<u>રાજકોટનાં મહે.ચોથા જયુડી.મેજી.ફ.ક. સા. (શ્રી બી.પી.ઠાકર સાહેબની કોર્ટ)</u>
<u>રાજકોટ</u>

ફો.કે.નં.૧૯૧૧/૨૦૨૬
આંકઃ

શ્રીસરકાર

વિરુધ્ધ

મયુરભાઈ જગદીશભાઈ મોરબીયા ....... આરોપી

ચાર્જઃબી.એન.એસ.કલમ–૨૨૩,જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ

**<u>–ઃઃચુકાદોઃઃ–</u>**

(૧) સદર કામનુ કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધું આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ.આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી કોર્ટ રુબરુ હાજર થયેલ છે. આરોપી નો બી.એન.એસ.એસ.–૨૦૨૩ની કલમ–૨૭૫ મુજબ બી.એન.એસ.ની ક.૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨)ઉપરોક્ત ગુન્હા અંગે આંકઃ...... થી ગુન્હા અંગેની લેખિતમાં કબુલાત પુરસીસ આપી તથા આંકઃ......મુજબ આરોપીની પ્લી લેતા,આરોપીએ તેમનો ગુન્હો કબુલ કરી આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે.ગુન્હો તેમનો ગુન્હા બદલ તેઓને ઘણોજ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે,તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી,છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોક્ત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈછીક હોઈ તે નોધી પરંતુ આરોપીની સદરહુ કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુન્હો કબુલ કરેલ છે. તેવી કોર્ટ ખાત્રી કરેલ છે.રાજકોટ શહેરના પો.કમી.સાહેબનું જાહેરનામું અમલમાં હોય તેમ છતાં આરોપીએ જાહેરનામાનો ભંગ કરેલ છે. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે.આરોપી ગરીબવર્ગના વ્યક્તિ છે તથા મજુરીકામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે.તથા તેઓનો આ પ્રથમ ગુન્હ છે.આમ,આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતીને ધ્યાને લઈ તેમજ ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાતોને ધ્યાને લેતા આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ,આરોપીની આ કબુલાત સ્વીકારુ છું અને આરોપી તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છે. પરંતુ આરોપીની

કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા,આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તથા ટી.આર.સી.ની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ માનું છે.જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**ઃઃ હુકમઃઃ**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.–૨૦૨૩ની કલમ–૨૭૫ મુજબ બી.એન.એસ.ની ક.૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયે તકસીરવાન ઠરાવું છુ. અને સદર ગુના સબબ આરોપીઃ– મયુરભાઈ જગદીશભાઈ મોરબીયા રુ.૨૦૦/– (અંકે રુપીયા બસો પુરા)નો દંડ ફરમાવવાનો હુકમ કરુ છું તથા ટી.આર.સી.ની સજા કરુ છુ. જો આરોપી દંડની રકમ ન ભરે તો દીન ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવી તેમજ અન્ય કોઈ મુદ્દામાલ હોય તો મુદ્દામાલના માલિકની ખરાઈ કરી મુળ માલિકને પરત સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી હુકમ જાહેર કર્યો.

રાજકોટ
તા.૧૪/૦૩/૨૦૨૬

(બી.પી.ઠાકર)
ચોથા અધિક સીવીલ જજ
અને જે.એમ.એફ.સી.
રાજકોટ

ફોજદારી દંડની રકમ રુ.૨૦૦/–
પહોંચ નં. .............. થી તા.૧૪/૦૩/૨૦૨૬
ના રોજ વસુલી લીધી.

નાઝીર

ચીફ.જયુડી.મેજી.કોર્ટ
રાજકોટ